RP Web Solutions
RP WEB SOLUTIONS
Website For Everyone...
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :-૩૩૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષ: ૮, ◆ અંક: ૨, ◆ સળંગ અંક: ૮૬, ◆ તા.૩૦/૧૨/૨૦૨૩, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશક: ભવ્ય દિપકભાઈ પોપટ, ◆ પ્રકાશન સ્થળ: ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સ: ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના
e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# નાના વેપારીઓને આપો વ્યવસાયવેરામાંથી મુક્તિઃ ગુજરાત ટ્રેડર્સ ફેડરેશન

## ૧૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા વેપારી તથા શૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગને વ્યવસાયવેરા ભરવામાંથી આપવામાં આવે મુક્તિઃ જયેન્દ્ર તન્ના




તા. ૦૮.૧૨.૨૦૨૩: ગુજરાત રાજ્યના વેપારીઓના મોટા સંગઠન માના એક ગુજરાત ટ્રેડર્સ ફેડરેશન દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી રાજ્યમાંથી ૧૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા વેપારીઓ તથા શૂક્ષ્મ તથા લઘુ ઉદ્યોગોને વ્યવસાયવેરામાંથી મુક્તિ આપવા આગ્રહ કરવામાં આવ્યો છે. રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો છે. જી.એસ.ટી. હેઠળ વન નેશન વન ટેક્સનું સપનું વેપાર જગત જોઈ રહ્યું છે. રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે વિવિધ વેપારી સંગઠનો દ્વારા વિવિધ સ્તરો ઉપર આ અંગે રજૂઆત કરવામાં આવેલ છે અને સરકાર તરફથી આ અંગે આસ્વાસ્ન પણ મળેલ છે. હવે જ્યારે ગુજરાત રાજ્યમાં વાઈબ્રન્ટ ગુજરાત સમેલનનું આયોજન થવા જઈ રહ્યું છે ત્યારે વ્યવસાય વેરા નાબૂદીની જાહેરાત આ કાર્યેક્રમના માધ્યમથી કરવામાં આવે તેવો ખાસ આગ્રહ કરવામાં આવ્યો છે. આ રજૂઆતમાં ૨૦૧૯માં ગુમાસ્તા ધારા કાયદામાંથી નાના વેપારીઓને મુક્તિ આપવા અંગેના નિર્ણયને પણ યાદ કરી બિરદાવવામાં આવ્યો છે. વ્યવસાય વેરાની જે રીતે વસૂલાત થાય છે તે ધ્યાને લઈ રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે વ્યવસાયવેરો નાબૂદ કરવાથી સરકારી તિજોરીને જે નુકસાન થાય તે ખૂબ ઓછું રહેવા પામશે. વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ સંમેલનને શુભેચ્છા પાઠવી આ રજૂઆતમાં ભારપૂર્વક વ્યવસાયવેરો નાબૂદી અંગેની જાહેરાત આ સંમેલનમાં કરવામાં આવે તેવો આગ્રહ કરવામાં આવ્યો છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

## હાર્દિક શુભેચ્છા



ગુજરાતના જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ સમીરભાઈ જાનીને ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટિશનર્સના 'ડેપ્યુટી પ્રેસિડેન્ટ' બનવા બદલ હાર્દિક શુભેચ્છાઓ.

# વેચનાર જી.એસ.ટી.ના ભરે એટ્લે ખરીદનારને સીધી રીતે જવાબદાર ગણી શકાય નહીંઃ સુપ્રીમ કોર્ટ

## સનક્રાફ્ટ એનર્જી પ્રાઈવેટ લિમિટેડના કેસમાં કલકત્તા હાઈકોર્ટના ચુકાદા સામે વિભાગની એસએલપીને ફગાવી

તા. ૧૮.૧૨.૨૦૨૩: તાજેતરમાં સુપ્રિમ કોર્ટે જીએસટી હેઠળ કરદાતાઓ માટે રાહત મળે તેવો મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રિમ કોર્ટની બે ન્યાયાધીશોની બનેલી બેન્ચે સનક્રાફ્ટ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ કેસમાં કોલકત્તા હાઈકોર્ટના નિર્ણય સામે જી.એસ.ટી. વિભાગની અપીલને ફગાવીને કલકત્તા હાઈકોર્ટના ચુકાદાને માન્ય રાખ્યો છે. સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે, વેચનાર ટેક્સ નહીં ભરે તો ડિપાર્ટમેન્ટ ખરીદનાર પાસેથી તેની ઉઘરાણી કરી શકે નહીં. ખરીદનાર પાસે ત્યારે જ ટેક્સ વસુલી શકાય જ્યારે વેચનાર મળે નહીં અને તેની પાસેથી રિકવરી અસંભવ હોય. આમ, આ ચુકાદાના કારણે કરદાતાઓને મોટી રાહત મળી છે. હવે ડિપાર્ટમેન્ટ દરેક કિસ્સામાં વેચનાર ટેકસ નહી ભરે તો ખરીદનાર પાસેથી ઉઘરાણી નહીં કરી શકે કે તેમની આઈટીસીને બ્લોક કે પછી ભરવા માટે દબાણ નહિ કરી શકે. જ્યારે જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા આ પ્રકારે ખરીદનાર પાસે ઉઘરાણી કરવામાં આવે ત્યારે ખરીદનાર સુપ્રીમ કોર્ટના આ ચુકાદા તથા કલકત્તા હાઈકોર્ટના ચુકાદાનો આધાર લઈ પોતાનો બચાવ કરી શકે છે.

જીએસટી કાયદાની કલમ ૧૬ માં ખરીદનારને પોતાની ખરીદી ઉપર ચૂકવવામાં આવેલ જીએસટીની ઇનપુટ ટેકસ ક્રેડિટ કયાં સંજોગોમાં મળી શકે તે અંગે જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઈઓની કલમ ૧૬(૨)(સી) મુજબ ખરીદનારને પોતાની ખરીદી ઉપર ચૂકવવામાં આવેલ જીએસટીની ઇનપુટ ટેક્સ ક્રેડિટ તો જ મળી શકે જો ખરીદનાર દ્વારા વેચનારને આપવામાં આવેલ વેરો વેચનારે સરકારને જમા કર્યો હોય. જો વેચનાર વેચેલ માલ તથા સેવા પર ઉઘરાવેલ વેરો જમાં ન કર્યો હોય તો ડિપાર્ટમેન્ટ દ્વારા તેની ઉઘરાણી ખરીદનાર વેપારી પાસેથી કરવામાં આવતી હોય છે. તાજેતરમાં અસંખ્ય કિસ્સા છે જેમાં વેચનાર વેપારી એ ખરીદનાર વેપારી જોડે થી ટેક્સની રકમ તો વસૂલી દીધી છે પરંતુ તે વેરો સરકારી તિજોરીમાં જમા નથી કરાવ્યો હવે આવા કિસ્સામાં ડીપાર્ટમેન્ટ દ્વારા ખરીદનાર વેપારીને સમન્સ કે પછી નોટિસ આપીને તે વેરો ભરવા માટે દબાણ કરવામાં આવે છે. આવાજ જ એક એક કિસ્સા ને લઇ સનક્રાફટ એનર્જી પ્રા.લી. નામની કંપનીએ કોલકતા હાઈકોર્ટના ડિપાર્ટમેન્ટ સામે કેસ દાખલ કર્યો હતો. જેમાં હાઈકોર્ટે ચુકાદો આપતા જણાવ્યું કે, વેચનાર વેપારી એ ટેકસ ના ભર્યો હોય તો ખરીદનાર પાસેથી તેની ઉઘરાણીના કરી શકાય. આ ચુકાદાને ડિપાર્ટમેન્ટે સુપ્રિમ કોર્ટમાં પડકારતા સુપ્રિમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના ચુકાદાને જાળવી રાખ્યો હતો. આમ, સુપ્રિમ કોર્ટે જાહેર કરેલા ચુકાદાના કારણે દેશભરના પ્રામાણિક જીએસટી કરદાતાઓને મોટી રાહત મળી છે.

આ ચુકાદાથી પ્રામાણિક કરદાતાઓને ફાયદો થઇ શકે છે તેવું માનવું ખોટું નથી. કાયદાની કલમ ૧૬(૨)(સી) મુજબ ખરીદનારને પોતાની ખરીદી ઉપર ચૂકવવામાં આવેલ જીએસટીની ઇનપુટ ટેક્સ ક્રેડિટ તો જ મળી શકે જો ખરીદનાર દ્વારા વેચનારને આપવામાં આવેલ વેરો વેચનારે સરકારને જમા કર્યો હોય એવા ઘણા કિસ્સા છે જેમાં ઘણા વેપારીઓ ખરીદનાર પાસેથી વેરાની રકમ તો વસૂલી લે છે પણ તે વ્યવહારો GSTR 3B પત્રક કે પછી GSTR 1માં બતાવતા નથી અર્થાત તે વ્યવહારો ખરીદનાર વેપારીના GSTR 2A માં આવતા નથી. આમ GSTR 3B તથા GSTR 2A ના મિસ-મેચ ના કિસ્સા ઉદ્ભવતી ડિમાન્ડ માટે હંમેશા ખરીદનાર વેપારીને દબાણ કરવામાં આવતું હતું,

આ ઉપરાંત ઘણી વાર ખરીદનારના 2B માં ક્રેડિટ દર્શાવતી હોય, ખરીદનાર પાસે પોતાની ખરીદીની ક્રેડિટ લેવા અંગે જરૂરી પુરાવા પણ હોય પરંતુ કોઈ કાર્યવાહી સબબ વેચનારનો નોંધણી દાખલો પાછ્લી તારીખથી રદ્દ કરી તેવા વેચનાર કરદાતા પાસેથી ખરીદી કરનાર તમામ કરદાતાઓની ક્રેડિટ ના મંજૂર કરી વેરા, વ્યાજ તથા દંડ લગાવવામાં આવતા હોય છે. આવ સંજોગોમાં પણ આ ચુકાદો ઉપયોગી બની શકે છે. સર્વોચ્ચ અદાલતનો આ ચુકાદો ઘણા પ્રામાણિક કરદાતાઓ માટે આશીર્વાદ રૂપ રહેશે તેવું ટેક્સ નિષ્ણાંતો માની રહ્યા છે.

## હાર્દિક શુભેચ્છા



સુરતના જાણીતા ટેક્સ એડવોકેટ શશાંક મીઠાઈવાલાને ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટિશનર્સના 'વેસ્ટ ઝોન'ના પ્રમુખ બનવા બદલ શુભેચ્છા.

## હાર્દિક શુભેચ્છા



નડિયાદના જાણીતા ટેક્સ એડવોકેટ તથા 'ટેક્સ ટુડે'ના પ્રતિનિધિ અમિતભાઈ સોનીની ટેક્સ એડવોકેટ એસોસીએશન ગુજરાતના કારોબારી સભ્ય બનવા બદલ હાર્દિક શુભેચ્છા.



Best resort for Corporate events, Staff Tours etc. nr Diu

Flamingo Club & Resort

Diu Calling!!!

Why Flamingo is best for Corporate events??

- Nearly 40% of cost then similar hotels of Diu.
- 12% GST Credit available as situated in Gujarat.
- Facilities of Banquets and Party lawns.
- Special Suite rooms for top management.
- Best resort for family and group entertainment
- Pure Veg Restaurant
- Best in class amenities
- Water Sports facility support
- No burden of Liquor on corporates.

Amenities

- Swimming pool
- Mini Theatre*
- Gym & Indoor Sports
- Party Lawn
- Banquet
- Children Play Area

Contact: 9737021700 GM /9624121700 Front Desk
e mail: contact@flamingoclubresort.com, www.flamingoclubresort.com
Delwada Diu Road, Naliya Mandvi Ta Una. 362520

# ગુજરાત સેલ્સ ટેક્સ બાર તથા ભાવનગર સેલ્સ ટેક્સ બારના સંયુક્ત ઉપક્રમે ટેક્સેશન વિષય ઉપર ભાવનગર ખાતે સેમિનારનું આયોજન

**ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસો. તથા ધ ભાવનગર સેલ્સ ટેક્સ બાર એસો. દ્વારા ભાવનગર ખાતે ૨૦૧૭-૧૮ની નોટિસ તથા વાર્ષિક રિટર્ન અંગે રમેશ એન શાહ જ્ઞાનોદય કાર્યક્રમ યોજાયો**






તા. ૧૮.૧૨.૨૦૨૩: ગુજરાતના સૌથી મોટા જી.એસ.ટી. પ્રેકટિશનર્સના એસોસીએશન ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસો દ્વારા ભાવનગર સેલ્સ ટેક્સ બાર એસો.ના સંયુક્ત ઉપક્રમે રમેશ એન. શાહ જ્ઞાનોદય કાર્યક્રમનું આયોજન ૧૬ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ શ્રીજી ગાર્ડન રેસ્ટોરન્ટ, ભાવનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં અમદાવાદના જાણીતા ટેક્સ એડવોકેટ સમીરભાઈ સિદ્ધપુરીયાએ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે કરદાતાઓ ને આપવામાં આવેલ નોટિસના જવાબ આપવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના GSTR 9 માં ભરવાના થતાં વાર્ષિક રિટર્ન તથા 9C અંગે ઉપસ્થિત સભ્યોને માહિતી આપવામાં આવી હતી. આ સેમિનારમાં ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસો.ના પ્રમુખ જયેશભાઇ શાહ, ઉપપ્રમુખ શૈલેષભાઈ મકવાણા, સેક્રેટરી પ્રિતેશભાઇ ગાંધી, ખજાનચી નિખિલભાઈ શાહ, સંસ્થાના એજ્યુકેશન કમિટીના કન્વેનર બાલમુકુન્દભાઈ શાહ, શશાંકભાઈ મીઠાઈવાલા, ભાવનગર સેલ્સ ટેક્સ બાર એસો.ના પ્રમુખ અનિલભાઈ ટેકવાની સહિતના આગેવાનો તથા સમગ્ર રાજ્યમાંથી ટેક્સ પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારના કન્વેનર તરીકે ભાવનગરના જાણીતા ટેક્સ એડવોકેટ ભરતભાઈ શેઠએ રહ્યા હતા.

**ભવ્ય પોપટ, ટેક્ષ ટુડે.**

# ૧૫ ડિસેમ્બર પહેલા એડ્વાન્સ ટેક્સ ભરવાનું ચૂકશો નહીં!! ૧૫ ડિસેમ્બર ચૂકી ગયા હોય તો હજુ જલ્દી ભરી આપો એડ્વાન્સ ટેક્સ

**૧૫ ડિસેમ્બર પહેલા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪નો એડ્વાન્સ ટેક્સનો ૩જો હપ્તો ભરવાનો હોય છે**



By Bhavya Popat, Advocate

તા. ૧૩.૧૨.૨૦૨૩: ઈન્કમ ટેક્સ હેઠળ કોઈ વર્ષમાં કરદાતા ૧૦૦૦૦ (દસ હજાર) કે તેથી વધુ ઈન્કમ ટેક્સ ભરવા જવાબદાર હોય ત્યારે તેઓ દ્વારા ઈન્કમ ટેક્સ એડ્વાન્સ સ્વરૂપે ભરવાનો રહેતો હોય છે. જો આ એડ્વાન્સ ટેક્સ સમયસર ભરવામાં ના આવે તો કરદાતા વ્યાજ ભરવા જવાબદાર બની જતાં હોય છે. આજે આ લેખમાં કરદાતા એડ્વાન્સ ટેક્સ ભરવા માટે ક્યાં સંજોગોમાં જવાબદાર બને અને આ એડ્વાન્સ ટેક્સ ક્યારે અને કેવી રીતે ભરવાનો રહે તે અંગે સરળ ભાષામાં માહિતી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

**એડ્વાન્સ ટેક્સ ભરવાની જવાબદારી ક્યાં સંજોગોમાં આવે:**

સામાન્ય રીતે કરદાતા પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન ભારે ત્યારે રિટર્ન સાથે તેઓ ઈન્કમ ટેક્સ ભરવા જવાબદાર બનતા હોય છે. પરંતુ ઉપર જણાવેલ છે તેમ જ્યારે કોઈ કરદાતાની ઈન્કમ ટેક્સ ભરવાની જવાબદારી ૧૦૦૦૦/- (દસ હજાર પૂરા) કે તેનાથી વધુ હોય તેવા સંજોગોમાં કરદાતા દ્વારા આ ઈન્કમ ટેક્સ રિટર્ન સાથે નહીં પરંતુ એડ્વાન્સ સ્વરૂપે ઈન્કમ ટેક્સ ભરવાની જવાબદારી લાગુ પડે.

**એડ્વાન્સ ટેક્સ ક્યારે ભરવાનો રહે:**

એડ્વાન્સ ટેક્સ ભરવા જવાબદાર કરદાતા એ પોતાના ભરવા પાત્ર ટેક્સની ગણતરી કરવાની રહે છે. આ ગણતરી કર્યા બાદ તેઓની ટેક્સ ભરવાની જવાબદારી નીચે મુજબ રહેતી હોય છે.

| એડ્વાન્સ ટેક્સના હપ્તાની તારીખ | કેટલો ટેક્સ આ હપ્તામાં ભરવાનો રહે |
|---|---|
| ૧૫ જૂન સુધીમાં | પોતાના ટેક્સ અંદાજના ઓછામાં ઓછા ૧૫% જેટલો ટેક્સ |
| ૧૫ સપ્ટેમ્બર સુધીમાં | પોતાના ટેક્સ અંદાજના ઓછામાં ઓછા ૪૫% ટેક્સ (અગાઉના હપ્તામાં ૧૫% ભર્યો હોવાથી ૩૦% જેવો ટેક્સ આ હપ્તામાં ભરવાનો થાય છે) |
| ૧૫ ડિસેમ્બર સુધીમાં | પોતાના ટેક્સ અંદાજના ઓછામાં ઓછા ૭૫% ટેક્સ (અગાઉના બન્ને હપ્તામાં ૪૫% ભર્યો હોવાથી ૩૦% જેવો ટેક્સ આ હપ્તામાં ભરવાનો થાય છે) |
| ૧૫ માર્ચ સુધીમાં | પોતાના ટેક્સ અંદાજના પૂરી રકમ (અગાઉના હપ્તામાં ૭૫% ભર્યો હોવાથી ૨૫% જેવો ટેક્સ આ હપ્તામાં ભરવાનો થાય છે) |

**શું અગાઉ કરવામાં આવેલ ટેક્સના અંદાજ કરદાતા બદલવી શકે છે?**

હા, કરદાતા એડ્વાન્સ ટેક્સના દરેક હપ્તા ભરતા સમયે પોતાનો ભરવાપાત્ર ટેક્સનો અંદાજ કરી શકે છે. આ અંદાજ પ્રમાણે પોતાનો ભરવાપાત્ર એડ્વાન્સ ટેક્સનો હપ્તો વધારી કે જરૂર પડે તો ઘટાડી પણ શકે છે.

**કલમ 44AD કે 44ADAની અંદાજિત યોજના હેઠળ ટેક્સ ભરતા કરદાતાઓ માટે એડ્વાન્સ ટેક્સની વિશિષ્ટ જોગવાઈ:**

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ અગાઉ જોયું તેમ ૧૦૦૦૦/- ઉપર ટેક્સ ભરવાપાત્ર હોય ત્યારે આ ટેક્સ હપ્તા મુજબ એડ્વાન્સમાં ભરવાનો રહેતો હોય છે. ઉલ્લેખનિય છે કે ઈન્કમ ટેક્સ હેઠળ કલમ 44AD તથા 44ADA મુજબ અંદાજિત આવક યોજનાનો લાભ લઈ ટેક્સ ભરતા કરદાતાઓને એડ્વાન્સ ટેક્સ ભરવામાં પણ વિશિષ્ટ લાભ આપવામાં આવ્યો છે. આ અંદાજિત આવક યોજનાનો લાભ લેતા કરદાતા પોતાનો અંદાજિત ટેક્સ ઉપર જણાવેલ છે તેમ ચાર હપ્તામાં ના ભરતા માત્ર છેલ્લા હપ્તામાં એટ્લે કે ૧૫ માર્ચ સુધીમાં ભરી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો આવા કરદાતા પોતાનો એડવાન્સ ટેક્સ માત્ર ૧૫ માર્ચ પહેલા ભરી આપે તો પણ તેઓ દ્વારા એડવાન્સ ટેક્સના નિયમોનું પાલન થયેલ ગણાય.




**સિનિયર સિટીઝનને એડવાન્સ ટેક્સ ભરવામાંથી વીશિષ્ટ મુક્તિ: પણ Condition Applied**

૬૦ વર્ષ ઉપરની ઉમર ધરાવતા કરદાતા ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ સિનિયર સિટીઝન કહેવાય છે. ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ સિનિયર સિટીઝનને એડવાન્સ ટેક્સ ભરવામાંથી વિશિષ્ટ મુક્તિ આપવામાં આવેલ છે. પરંતુ ધંધાકીય આવક ધરાવનાર સિનિયર સિટીઝન એડવાન્સ ટેક્સ ભરવા જવાબદાર થતાં હોય છે. આમ, ધંધાકીય આવક સિવાયની આવક ધરાવતા સિનિયર સિટીઝન કરદાતાઓ એડવાન્સ ટેક્સ ભરવા જવાબદાર થતાં નથી.

**એડવાન્સ ટેક્સ ના ભરવાના કારણે કરદાતા બને છે વ્યાજ ભરવા જવાબદાર**

જે કરદાતાઓ એડવાન્સ ટેક્સ ભરવા જવાબદાર છે અને તેઓ દ્વારા એડવાન્સ ટેક્સ ભરવામાં આવતો નથી, તેવા સંજોગોમાં તેઓ વ્યાજ ભરવા જવાબદાર બની જાય છે. આ વ્યાજ ૧૨ % જેવુ લાગુ પડતું હોય છે.

**એડવાન્સ ટેક્સ અંદાજ કરવામાં થયેલ ભૂલના કારણે કરદાતા વ્યાજ ભરવા બને છે જવાબદાર**

કરદાતા દ્વારા ટેક્સનો અંદાજ કરવામાં આવ્યો હોય અને એ મુજબ એડવાન્સ ટેક્સ પણ ભરવામાં આવ્યો હોય અને જ્યારે કરદાતા આ અંદાજથી વધુ ટેક્સ ભરવા જવાબદાર બને છે ત્યારે એડવાન્સ ટેક્સ ગણવાની ભૂલ બદલ પણ વ્યાજ ભરવા જવાબદાર બની જાય છે. અંદાજ કરવામાં ભૂલ થઈ હોવા છતાં પણ કરદાતા વ્યાજ ભરવા જવાબદાર બની જાય છે. આમ, કરદાતા પોતાનો ટેક્સ અંદાજ વ્યવસ્થિત રીતે કરે તે ખૂબ જરૂરી છે.

# વકીલને ત્યાં કરવામાં આવેલ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટની તપાસની કાર્યવાહીને ઉધડો લેતી ગુજરાત હાઈકોર્ટ

**કોઈ કરદાતાના MOU બાબતે વકીલને ત્યાં કરવામાં આવેલ તપાસની પદ્ધતિ બાબતે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટના ૭ અધિકારીઓને આપવામાં આવી નોટિસ**

તા. ૧૧.૧૨.૨૦૨૩: ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા એક કરદાતાને ત્યાં કરવામાં આવેલ રેઈડના સંદર્ભે તેના વકીલની ઓફિસ ઉપર પણ રેઈડ કરવામાં આવી હતી. કરદાતાને લગતા દસ્તાવેજોની તપાસ કરતાં અધિકારીઓએ દ્વારા વકીલના ઓફિસ તથા ઘર પર તપાસ કરી ઘણા દસ્તાવેજો જપ્ત કરવામાં આવેલ હતા. બનાવની વિગત એવી છે કે અમદાવાદના જાણીતા વકીલ મૌલિકકુમાર સતિષભાઇ શેઠને ત્યાં તેઓના અસીલ તેવા કોઈ કરદાતાના સંદર્ભમાં તપાસ હાથ ધરવામાં આવતા તેઓ દ્વારા ગુજરાત હાઇકોર્ટના દ્વાર ખટખટાવવામાં આવ્યા હતા. ગુજરાત હાઇકોર્ટની જસ્ટિસ ભાર્ગવ કારીયા તથા જસ્ટિસ નિરલ મહેતાની બેન્ચ દ્વારા અધિકારીઓને પોતે ઈન્કમ ટેક્સ કાયદાની કઈ જોગવાઈઓને આધીન આ પગલું લેવામાં આવ્યું હતું તે અંગે પ્રશ્નો કર્યા હતા. હાઇકોર્ટ દ્વારા આ સમગ્ર પ્રક્રિયામાં સીધી રીતે સંકળાયેલ ૧ આયકર અધિકારી સહિત ૭ આયકર વિભાગના સ્ટાફને નોટિસ આપવામાં આવેલ છે.

ગુજરાત હાઈકોર્ટની ટેક્સ બેન્ચ દ્વારા એવી વેધક ટકોર કરવામાં આવી હતી કે જો આવી રીતે એડવોકેટની ઓફિસે તપાસ કરવામાં આવશે તો કોઈ વ્યવસાયી આ પ્રકારની કાર્યવાહીથી બચી શકશે નહીં. બેન્ચ દ્વારા એવી પણ ટકોર કરવામાં આવી હતી કે આપણે કોઈ ૧૯૭૪-૭૫ ની ઈમરજન્સી જેવી પરિસ્થિતીમાં જીવી રહ્યા નથી. કરદાતા વતી ઉપસ્થિતિ રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રહતોગી દ્વારા એ બાબત પણ જણાવવામાં આવી હતી કે આ તપાસની કામગીરી ૩ નવેમ્બરે પૂર્ણ થઈ ગઈ હોવા છતાં તપાસ ટિમ દ્વારા ૦૬ નવેમ્બર સુધી એડવોકેટ મૌલિકકુમારને કોર્ટ જવા તથા તેમના પરિવારને બહાર જવા નહતા દીધા. ઈન્કમ ટેક્સ વિભાગ તરફથી ઉપસ્થિત વકીલ દ્વારા આ અધિકારી તથા ટિમનો બચાવ કરી જણાવવામાં આવ્યું હતું કે આયકર પાર્ટી દ્વારા તપાસની કામગીરી કાયદાની મર્યાદામાં રહી પૂર્ણ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે આયકર તપાસ ટિમ દ્વારા કોઈ કરદાતા સંદર્ભે દસ્તાવેજો મેળવવા અરજકર્તા વકીલને ત્યાં છપામારી કરી હતી. અરજકર્તા વકીલને આ બાબતે કોઈ નોટિસ પણ આયકર વિભાગ તરફથી આપવામાં આવી ના હતી આ બાબતને પણ કોર્ટ દ્વારા અયોગ્ય ગણાવી હતી. કોર્ટ દ્વારા એવો વેધક પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે આયકર ખાતા દ્વારા જે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ (MOU)ની તપાસ કરવામાં આવી છે તે તો કોઈ પણ વ્યક્તિ પાસે હોય શકે છે તો શું આયકર ખાતું ગમે તેના દુકાન કે ઘર ઉપર તપાસ હાથ ધરશે??? આ બાબતે કોર્ટ દ્વારા અગાઉ ૨ દિવસ આયકર વિભાગને આ બાબતે સમાધાન કરવા આપવામાં આવ્યા હતા પરંતુ આયકર વિભાગ દ્વારા આ અંગે કશું કરવામાં આવ્યું નથી જે કારણે આ કોર્ટ અધિકારીઓ વિરુદ્ધ પગલાં લેવા જઇ રહી છે.

ટેક્સ બેન્ચના સિનિયર જજ જસ્ટિસ કરિયા દ્વારા આયકર વિભાગને આદેશ કરતાં જણાવાયું હતું કે અરજકર્તા એડવોકેટને ત્યાં જે રીતે તપાસ હાથ ધરવામાં આવી ત્યાં તકલીફ છે. અરજકર્તાને ત્યાંથી ઘણા દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. આ દસ્તાવેજો અરજકર્તાને પરત કરી આપવામાં આવે અને સાથે સાથે અરજકર્તાની જાહેર માફી માંગવામાં આયકર વિભાગને આદેશ કરવામાં આવ્યો છે. જો આમ નહીં કરવામાં આવે તો કોઈ કર્મચારીને છોડવામાં નહીં આવે તેવું પણ આ આદેશમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે.

આ સામે જયારે આયકર વિભાગના વકીલ દ્વારા મુદત માંગવામાં આવી હતી ત્યારે કોર્ટ દ્વારા આ માંગણીનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો અને વકીલશ્રીને પોતે આ જગ્યા એ અરજકર્તાની જગ્યા એ હોય તો શું થાય તે અંગે વિચારવા જણાવવામાં આવ્યું હતું. આ તપાસમાં સલગ્ન સાતે કર્મચારીને ૧૮ તારીખમાં વ્યક્તિગત રીતે જવાબ રજૂ કરવા ૧૮ ડિસેમ્બર સુધીની મુદત આપવામાં આવેલ છે.

કોઈ કરદાતાને લગતી તપાસમાં કરદાતાના વકીલ, ટેક્સ કન્સલ્ટન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ત્યાં આ રીતે કાર્યવાહી કરવામાં આવે તો વેપાર જગતમાં ભયનું વાતાવરણ ઊભું થાય. આ વ્યવસાયીઓ કોઈ એક કરદાતા માટે નહીં પણ ઘણા બધા અસીલો માટે કામ કરતાં હોય છે. આવા સંજોગોમાં તેઓના ઉપર જો કાર્યાવહી કરવામાં આવે તો તેની અસર તેમના અન્ય અસીલોને પણ થાય તે સ્વાભાવિક છે. ગુજરાત હાઇકોર્ટ દ્વારા આ પ્રકારની કાર્યવાહી સામે આ પ્રકારે કડક વલણ દર્શાવવામાં આવતા આયકર વિભાગ દ્વારા વ્યવસાયીઓ પર કરવામાં આવતી કાર્યવાહી કરતાં અચકાશે તેવું માની શકાય છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે.**

# ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશન-ટેક્સ એડવોકેટ એસોસીએશન ગુજરાત તથા HDFC બેન્કના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન







(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઇ રીતે જવાબદાર રહેતા નથી.




# ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા ધ્યાન રાખો આ મહત્વની બાબતો

## ‘વન નેશન વન ટેક્સ વન માર્કેટ’ની ‘ટેગ લાઈન’ સાથે લાગુ કરવામાં આવેલ જી.એસ.ટી. કાયદામાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા, પૂર્ણ કરવાની રહે છે અનેક શરતો

જી.એસ.ટી. કાયદો લાગુ કરવાનો સૌથી મોટો હેતુ કરદાતાને ‘સિમલેસ ક્રેડિટ’ મળી રહે તે અંગેનો હતો. અગાઉ માલ ઉત્પાદન ઉપર લગતી એક્સાઈઝની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ છૂટક કે જથ્થાબંધ માલ વેચનાર ને મળતી ન હતી. તેવી રીતે અલગ અલગ રાજ્યોના વેટ કાયદા હેઠળ ક્રોસ ક્રેડિટ એટલેકે એક બીજા રાજ્યો પર લાગેલ વેટની ક્રેડિટ કરદાતાને મળતી નહતી. આ ઉપરાંત વેટ કાયદા હેઠળ માલનું વેચાણ કરતાં કરદાતાને તેના દ્વારા મેળવવામાં આવેલ સેવાની ક્રેડિટ મળતી નહીં તો સામે સેવા પૂરી પડતાં સર્વિસ ટેક્સ હેઠળ નોંધાયેલ કરદાતાને તેની ખરીદી ઉપરના વેટની ક્રેડિટ મળતી ન હતી. માલ ઉત્પાદન પર લગતા એક્સાઈઝ, માલ વેચાણ પર વિવિધ રાજ્યો દ્વારા લાગુ કરવામાં આવેલ વેટ તથા સેવા ઉપર લાગુ સર્વિસ ટેક્સના સ્થાને એક જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો છે. આમ, આ તમામ કાયદાના સ્થાને જી.એસ.ટી. કાયદો આવવાથી કરદાતાને ‘સિમલેસ ક્રેડિટ’ એટલેકે કોઈ પણ બાધ વિના ક્રેડિટ મળી રહેશે તેવું માનવમાં આવી રહ્યું હતું. પરંતુ આજે ૪ વર્ષે જ્યારે જી.એસ.ટી. નું આંકલન કરીએ ત્યારે એટલું ચોક્કસ કહી શકીએ કે જી.એસ.ટી હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ‘સિમલેસ’ રહી નથી.

જી.એસ.ટી. હેઠળ મૂળભૂત હેતુ ધંધાકીય વ્યવહારો ઉપર વધુમાં વધુ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વેપારીઓને મળી રહે ત સુનિશ્ચિત કરવાનો હતો. આમ, વધુ માં વધુ ક્રેડિટ જ્યારે વેપાર જગતને આપવામાં આવે ત્યારે વિવિધ માલ તથા સેવાઓના ભાવ ઘટે તેવી સામાન્ય અર્થશાસ્ત્રનું ગણિત હતું. પરંતુ આજે જ્યારે જમીની સ્તરે જોવામાં આવે તો કેવી રીતે કરદાતાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ઉપર લગામ લગાડવી એ જ જી.એસ.ટી. ડિપાર્ટમેંટનો એક માત્ર હેતુ હોય તેવું ફલિત થાય છે. જી.એસ.ટી. કાયદા તથા નિયમો ઉપરાંત વિવિધ નોટિફિકેશન દ્વારા કરદાતાને મળવા પાત્ર ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ઉપર રોક લગાડવામાં આવી છે. અમુક સંજોગોમાં ઈન્પુટ ટેક્સ કેદીટ ઉપર અમુક નિયંત્રણો તથા શરતો લાગુ કરવામાં આવ્યા છે.

જી.એસ.ટી. લાગુ થયા પહેલા વેટ કાયદો અમલમાં હતો ત્યારે વેટ હેઠળના રિટર્ન ઘણા વિગતવાર રહેતા હતા. જી.એસ.ટી. લાગુ થયા બાદ લાગુ કરવામાં આવેલ સમરી રિટર્ન GSTR 3B માં ખૂબ ઓછી વિગતો જોવા મળે છે. આ કારણે સંજોગો એવા ઊભા થયા છે કે કરદાતાનું વ્યવસાયી રીતે કામ કરતાં કોઈ ટેક્સ એડવોકેટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે ટેક્સ કન્સલ્ટન્ટ પાસે કરદાતા દ્વારા લેવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ સાચી છે કે ખોટી તે તપાસવા ખૂબ ઓછા વિકલ્પો રહેલા છે. કરદાતા દ્વારા પોતાના ટેક્સ કન્સલ્ટન્ટને દરેક ક્રેડિટ લેવા અંગે પુછવામાં આવે અથવા તો કરદાતા પોતે આ ઈન્પુટ ક્રેડિટ અંગેના નિયમો અંગે જાણકારી રાખે અને જાણકાર બને તે બે જ વિકલ્પ રહેલા છે. આજે આ લેખમાં કરદાતાને ઈન્પુટ ટેક્સ ક્રેડિટના વિષયો અંગે જાગૃત બનાવવા તેઓએ ધ્યાને લેવાની જરૂરી માહિતી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે. આ નિયમો ખૂબ સરળ ભાષામાં રજૂ કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. હું આશા રાખું છું કે વેપારીઓ આ લેખને ચોક્કસ ધ્યાનથી વાંચે અને ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અંગેના નિયમો સમજવા પ્રયાસ જરૂર કરે.

### ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા નીચેની શરતો પૂર્ણ થવી છે ફરજિયાત

કોઈ માલ કે સેવા પોતાના ધંધા માટે ખરીદી કરતાં ખરીદનાર વેપારીએ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા નીચેની શરતો પૂર્ણ કરવી ફરજિયાત છે.

- વેપારી પાસે પોતે કરેલ ખરીદીનું ટેક્સ ઈંવોઇસ હોવું જરૂરી છે.
- વેપારી દ્વારા જે ત માલ કે સેવા ખરેખર મેળવવામાં આવેલ છે તે અંગેના પુરાવાઓ હોવા જરૂરી છે. આ પુરાવાઓમાં માલ વહનના પુરાવા જેવા કે બીલ્ટ્રી (ટ્રાન્સપોર્ટ રસીદ) હોવા જરૂરી છે.
- વેપારી દ્વારા કરવામાં આવેલ ખરીદી ઉપર વેચનાર દ્વારા ઉઘરાવવામાં આવેલ ટેક્સ વેચનારે સરકારમાં જમા કરાવવો જરૂરી છે.
- ખરીદનાર વેપારીએ જે તે ક્રેડિટ મેળવવા સમયનું GSTR 3B રિટર્ન ભરેલું હોવું જોઈએ.

ઉપરોક્ત શરતો પુર્ણ થાય ત્યારે જ કોઈ વેપારી જી.એસ.ટી. હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા હક્કદાર બને છે. પોતે કરેલ માલ કે સેવા ઉપર લાગેલ ટેક્સ દર્શાવતુ અસલ ઈંવોઇસ એટ્લે કે બિલ કરદાતા પાસે હોય તો જ તે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવી શકે છે. આમ, ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા ‘ટેક્સ ઈંવોઇસ’ એ ચલણી નોટ જેટલું મહત્વ ધરાવે છે તે બાબત વેપારીએ જાણવી ખૂબ જરૂરી છે. જેવી રીતે આપણે ચલણી નોટને સાચવીને રાખીએ છીએ તેવી રીતે વેચનાર દ્વારા આપવામાં આવેલ ટેક્સ ઈંવોઇસને સાચવવામાં આવે તે જરૂરી છે. ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે જે તે માલ કે સેવા વેપારી દ્વારા ખરેખર મેળવવામાં આવેલ છે તે સાબિત કરવાનો બોજો પણ ખરીદનાર વેપારી ઉપર નાંખવામાં આવેલ છે. માલ અંગેની ક્રેડિટ લેવામાં આવતી હોય ત્યારે માલ વહનના પુરાવા જેવા કે ‘લોરી રિસીપ્ટ’ ‘બીલ્ટ્રી’ વગેરે પણ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા જાળવવા ખૂબ જરૂરી છે. ઘણી વાર વેપારીઓ માત્ર ટર્નઓવર કરવા ખરેખર માલની હેરફેર વગર માત્ર બિલની જ આપ-લે કરતાં હોય છે. આ વ્યવહાર જી.એસ.ટી. હેઠળ માન્ય વ્યવહાર ગણાતા હોતા નથી. વેપારીએ જે વેચનાર પાસેથી માલ કે સેવા ખરીદવામાં આવેલ છે તે વેપારીએ તે વ્યવહાર ઉપર ઉઘરાવવામાં આવેલ ટેક્સ સરકારી તિજોરીમાં જમા કરાવેલ છે તે સાબિત કરવાનો બોજો પણ ખરીદનાર વેપારી ઉપર નાંખવામાં આવેલ છે. વેચનાર વેપારીએ ખરીદનાર વેપારી પાસેથી ટેક્સ ઉઘરાવવામાં આવ્યો હોવા છતાં જો વેચનાર વેપારી તે વેરો ભરવામાં કસૂર કરે તો ખરીદનાર વેપારીને પોતાની ખરીદી ઉપર ચૂકવવામાં આવેલ વેરાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો ખરીદનાર વેપારી આવા સંજોગોમાં એક વ્યવહાર ઉપર બે વખત વેરો ભરવા જવાબદાર બને છે. ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા બાબતેની આ શરત ના કારણે હાલ ઘણા કેસો વિવિધ હાઇકોર્ટમાં ચાલી રહ્યા છે. ભવિષ્યમાં આ મુદ્દા ઉપર અનેક કેસ ઊભા થાય તેવી શક્યતા રહેલી છે. કરચોરી ડામવા બનાવવામાં આવેલ આ શરત વેપાર જગત માટે ખૂબ મુશ્કેલી ઊભી કરી રહી છે અને ભવિષ્યમાં પણ મોટી મુશ્કેલી ઊભી કરશે તે ચોક્કસ છે. હાલ, વેપાર જગત ખૂબ મોટા ફલક ઉપર કામ કરે છે. અનેકવાર તેવા કિસ્સા જોવા મળે છે જ્યાં ખરીદનાર વેપારી વેચનાર વેપારીને ઓળખતા હોતા નથી. આવા કિસ્સામાં વેચનાર ઉપર ભરોસો રાખ્યા સિવાય વેપાર કરવો શક્ય નથી. આ ભરોસો રાખી કરવામાં આવેલ વ્યવહાર ક્યારેક ખરીદનાર વેપારી માટે ખૂબ મોટી મુશ્કેલી ઊભી કરી આપતો હોય છે. વેચનાર વેપારીને જી.એસ.ટી. હેઠળ નોંધણી આપી જી.એસ.ટી. ઉઘરાવવાની સત્તા જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા આપવામાં આવી છે. આવા વેપારી જી.એસ.ટી. ભરવામાં ચૂક કરે તેવા સંજોગોમાં ખરીદનાર વેપારીને દંડ કરવામાં એ ખરેખર અન્યાયી બાબત કહેવાય. ‘પાડાના વાંકે પખાલીને ડામ’ આપતા આ નિયમોમાં ફેરફાર થાય તે ખૂબ જરૂરી છે. હા, જી.એસ.ટી. ડિપાર્ટમેંટ જ્યાં સાબિત કરી શકે કે સરકારી તિજોરીને નુકસાન કરવાના હેતુથી ખરીદનાર તથા વેચનાર દ્વારા સાથે મળી કોઈ કૌભાંડ આચરવામાં આવ્યું છે તેવા સંજોગોમાં આ શરત લાગુ પડે તે ચોક્કસ જરૂરી છે. પરંતુ સામાન્ય સંજોગોમાં પ્રમાણિક વેપારીઓ ઉપર આ પ્રકારની શરત દૂર કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા ખરીનાર દ્વારા પોતાનું રિટર્ન GSTR 3B ભરવું જરૂરી છે. જ્યાં સુધી આ GSTR 3B ભરવામાં ના આવે ત્યાં સુધી વેપારીનો ઈન્પુટ ટેક્સ ક્રેડિટનો હક્ક ઊભો થયો ગણાય નહીં. આમ, ખરીદનાર વેપારીએ પોતાનું રિટર્ન સમયસર ભરવું ખૂબ જરૂરી છે.

ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અંગેના વિશેષ લેખોની શ્રુંખલાનો આજે આ પ્રથમ લેખ છે. આ કટારમાં આવનારા લેખોમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અંગેની સમજૂતી વાચકોને ખાસ કરીને વેપારીઓને સરળ ભાષામાં મળી રહે તેવો પ્રયાસ કરવામાં આવશે. આ વિષય ઉપર વેપારીઓ જાગૃત બને તે ખૂબ જરૂરી છે.

**Sub Head Line :** માત્ર ટર્નઓવર દર્શાવવા કરવામાં આવેલ વ્યવહારો જી.એસ.ટી. હેઠળ માન્ય ગણાતા નથી. માલની હેરફેર થઈ ના હોય અને માત્ર બિલ નીજ આપ-લે થઈ હોય તેવા સંજોગોમાં જી.એસ.ટી. ક્રેડિટ આપવામાં આવતી નથી.

**( આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા. ૦૪.૧૨.૨૦૨૩ ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# જી.એસ.ટી. હેઠળ આ માલ તથા સેવાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે નહીં!!




## ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વિશેષ લેખ શૃંખલાનો લેખ નંબર-૨

**તા. ૧૦.૧૨.૨૦૨૩**

Article 112

‘સિમ લેસ ક્રેડિટ’ એટલેકે કોઈ પણ બાધ વગરની ક્રેડિટ મેળવી શકાય તે માટે લાગુ કરવામાં આવેલ જી.એસ.ટી. હેઠળ અમુક ખાસ ક્રેડિટને ગણવામાં આવે છે ‘બ્લોક ક્રેડિટ’

‘બ્લોક ક્રેડિટ’ની યાદીમાં આવતા માલ તથા સેવાની ક્રેડિટ માલ કે સેવા મેળવનાર વેપારી લઈ શકે નહીં. જો આ ક્રેડિટ લેવામાં આવે તો લાગી શકે છે દંડ તથા વ્યાજ!!

જી.એસ.ટી. કાયદો લાગુ કરવાનો સૌથી મોટો હેતુ કરદાતાને ‘સિમલેસ ક્રેડિટ’ મળી રહે તે અંગેનો હતો. અગાઉ માલ ઉત્પાદન ઉપર લગતી એક્સાઈઝની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ છૂટક કે જથ્થાબંધ માલ વેચનાર ને મળતી ન હતી. તેવી રીતે અલગ અલગ રાજ્યોના વેટ કાયદા હેઠળ ‘ક્રોસ ક્રેડિટ’ એટલેકે એક બીજા રાજ્યો પર લાગેલ વેટની ક્રેડિટ કરદાતાને મળતી ન હતી. આ ઉપરાંત વેટ કાયદા હેઠળ માલનું વેચાણ કરતાં કરદાતાને તેના દ્વારા મેળવવામાં આવેલ સેવાની ક્રેડિટ મળતી નહીં તો સામે સેવા પૂરી પડતાં સર્વિસ ટેક્સ હેઠળ નોંધાયેલ કરદાતાને તેની ખરીદી ઉપરના વેટની ક્રેડિટ મળતી ન હતી. માલ ઉત્પાદન પર લગતા એક્સાઈઝ, માલ વેચાણ પર વિવિધ રાજ્યો દ્વારા લાગુ કરવામાં આવેલ વેટ તથા સેવા ઉપર લાગુ સર્વિસ ટેક્સના સ્થાને એક જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો છે. આમ, આ તમામ કાયદાના સ્થાને જી.એસ.ટી. કાયદો આવવાથી કરદાતાને ‘સિમલેસ ક્રેડિટ’ એટલેકે કોઈ પણ બાધ વિના ક્રેડિટ મળી રહેશે તેવું માનવમાં આવી રહ્યું હતું. પરંતુ આજે ૪ વર્ષે જ્યારે જી.એસ.ટી. નું આંકલન કરીએ ત્યારે એટલું ચોક્કસ કહી શકીએ કે જી.એસ.ટી હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ‘સિમલેસ’ રહી નથી.

જી.એસ.ટી. હેઠળ મૂળભૂત હેતુ ધંધાકીય વ્યવહારો ઉપર વધુમાં વધુ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વેપારીઓને મળી રહે ત સુનિશ્ચિત કરવાનો હતો. આમ, વધુમાં વધુ ક્રેડિટ જ્યારે વેપાર જગતને આપવામાં આવે ત્યારે વિવિધ માલ તથા સેવાઓના ભાવ ઘટે તેવી સામાન્ય અર્થશાસ્ત્રનું ગણિત હતું. પરતું આ સાથે જ જી.એસ.ટી. કાયદો લાગુ થયો છે ત્યારથી અમુક ખાસ ઈન્પુટ ટેક્સ ક્રેડિટનો સમાવેશ ‘બ્લોક ક્રેડિટ’માં કરવામાં આવ્યો છે. ‘બ્લોક ક્રેડિટ’ એટ્લે એવી ક્રેડિટ જેની ક્રેડિટ કોઈ પણ વેપારીઓ માટે અથવા તો ખાસ પ્રકારના વેપારીઓ માટે ‘બ્લોક’ કરવામાં આવેલ છે. આ માલ કે સેવાની ઈન્પુટ તકે ક્રેડિટ આ માલ કે સેવા ખરીદવામાં વેપારી દ્વારા વેચનારને જી.એસ.ટી. ચુકાવ્યો હોવા છતાં મળી શકે નહીં. આ પ્રકારની ‘બ્લોક ક્રેડિટ’નો સમાવેશ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૭ માં કરવામાં આવ્યો છે.

### માલ કે સેવાનો અંગત હેતુઓ માટે ઉપયોગઃ

ઘણી વાર કોઈ વેપારી દ્વારા એવા માલ કે સેવાનો મેળવવામાં આવતી હોય છે જે માલ કે સેવાનો ઉપયોગ વેપારી દ્વારા ધંધાકીય હેતુઓ માટે ઉપરાંત અંગત હેતુઓ માટે સંયુક્ત રીતે કરવામાં આવતો હોય. જી.એસ.ટી. કાયદાની કલમ ૧૭(૧) હેઠળ આ પ્રકારે ધંધા સિવાયના હેતુઓ માટે કરવામાં આવેલ માલ કે સેવાના ઉપયોગ માટે ચૂકવવામાં આવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં.

ઉદાહરણ તરીકે જોઈએ તો શ્રી જેઠાલાલ એક ઈલેક્ટ્રોનિક્સની દુકાન ધરાવે છે. તેઓ દ્વારા ટેલીવિઝનની ખરીદ વેચાણ સામાન્ય રીતે કરવામાં આવતું હોય છે. ધંધાના આ સામાન્ય વ્યવહાર માટે ખરીદવામાં આવેલ ટેલિવિઝનની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓને મળે. પરંતુ શ્રી જેઠાલાલ દ્વારા પોતાના ઘર માટે ટેલિવીઝન ખરીદવામાં ચૂકવવામાં આવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓને મળી શકે નહીં.

અમુક સંજોગોમાં એવું પણ બનતું હોય છે કે અમુક માલ કે સેવાનો ઉપયોગ વેપારી દ્વારા અંશતઃ પોતાના ધંધા માટે કરવામાં આવે અને અંશતઃ પોતાના અંગત ઉપયોગ માટે કરવામાં આવ્યો હોય. આ પ્રકારના કિસ્સામાં વેપારીને આ ખરીદી ઉપર ચૂકવવામાં આવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ધંધાકીય હેતુઓમાં કરવામાં આવેલ મર્યાદામાં સપ્રમાણ મળે.

ઉદાહરણ તરીકે શ્રી જેઠાલાલ દ્વારા માલિકી ધોરણે કરવામાં આવતા ધંધામાં તેઓ મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. આ ફોનનો ઉપયોગ સ્વાભાવિક રીતે ધંધાકીય કામ સિવાયના કામો માટે એટ્લે કે ‘બબીતા’ અથવા તો ‘દયા’ સાથે વાતો કરવામા પણ થતો હોય છે!! આ મોબાઈલ ફોનના બિલ ઉપર ચૂકવવામાં આવતા જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓએ સપ્રમાણ લેવી જોઈએ. જ્યારે ધંધાકીય હેતુ તથા અંગત ઉપયોગનું પ્રમાણ નક્કી કરવું શક્ય ના હોય ત્યારે બન્ને ઉપયોગ ૫૦% જેટલો ગણી લેવામાં આવે તેવું નિષ્ણાંતો સલાહ આપતા હોય છે. આવા સંજોગોમાં મોબાઈલ સેવા મેળવવા માટે બિલ ઉપર ચૂકવવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ૫૦% ની મર્યાદામાં લેવામાં આવે તે જરૂરી છે.

સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે કે ઘણીવાર કરદાતા દ્વારા આ પ્રકારે ઘર માટે ખરીદવામાં આવેલ ટેલિવીઝની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પણ પોતાના રિટર્નમાં માંગવામાં આવતી હોય છે. આ પ્રકારે અંગત ઉપયોગ માટે ખરીદવામાં આવેલ માલની ક્રેડિટ જી.એસ.ટી. હેઠળ લઈ શકાય નહીં. જો આ બાબત આકારણીમાં અધિકારી દ્વારા પકડવામાં આવે તો વેપારીએ મોટું વ્યાજ ઉપરાંત દંડ પણ ચૂકવવો પડે છે.

### કરમુક્ત માલ કે સેવાના ઉપયોગ માટે કરવામાં આવતી કરપાત્ર માલ કે સેવાની ખરીદી

જી.એસ.ટી. હેઠળ અમુક ખાસ પ્રકારના માલ કે સેવાને કરમુક્ત જાહેર કરવામાં આવેલ છે. આ પ્રકારના કરમુક્ત માલ કે સેવાના ઉત્પાદનમાં કે વેચાણમાં ઉપયોગમાં લેવામાં આવેલ માલ કે સેવા ઉપર ચૂકવવામાં આવેલ જી.એસ.ટી.ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ખરીદનારને મળી શકે નહીં તેવી જોગવાઈ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૭(૨) હેઠળ કરવામાં આવ્યો છે.

ઉદાહરણ તરીકે શ્રી વાગલે કપાસિયા ખોળના ઉત્પાદક છે. કપાસિયા ખોળને જી.એસ.ટી. હેઠળ પશુ આહાર તરીકે કરમુક્ત જાહેર કરવામાં આવ્યો છે. તેઓ દ્વારા કપાસિયા ખોળના ઉત્પાદનમાં ખરીદવામાં આવેલ કપાસિયા, પ્લાસ્ટિક બેગ વી. ઉપર જી.એસ.ટી. ચૂકવવામાં આવ્યો છે. શ્રી વાગલે દ્વારા કપાસિયા ખોળ કરમુક્ત હોય તેના ઉત્પાદનમાં વાપરમાં આવેલ કપાસિયા, પ્લાસ્ટિક બેગ કે અન્ય સેવાઓ ઉપર ચૂકવવામાં આ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લઈ શકાય નહીં.

અમુક સંજોગોમાં એવું પણ બનતું હોય છેકે અમુક માલ કે સેવાનો ઉપયોગ વેપારી દ્વારા અંશતઃ પોતાના ધંધાના કરપાત્ર વેચાણ માટે કરવામાં આવે અને અંશતઃ કરમુક્ત વસ્તુના વેચાણ માટે કરવામાં આવ્યો હોય. આ પ્રકારના કિસ્સામાં વેપારીને આ ખરીદી ઉપર ચૂકવવામાં આવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ કરપાત્ર વેચાણની મર્યાદામાં સપ્રમાણ મળે.

ઉદાહરણ તરીકે શ્રી વાગલે દ્વારા કરમુક્ત કપાસિયા ખોળ ઉપરાંત કરપાત્ર કપાસિયાનું વેચાણ પણ કરવામાં આવતું હોય છે. આવા કિસ્સામાં જે માલ કે સેવા કરપાત્ર માલના વેચાણને લગતી હોય તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વેપારીને મળે પરંતુ જે માલ કે સેવા કરમુક્ત વેચાણને લગતી હોય તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વેપારીઓને મળે નહીં. જ્યારે કરપાત્ર તથા કરમુક્ત વસ્તુ કે સેવામાં સંયુક્ત રીતે ખરીદવામાં આવેલ માલ કે સેવાના કિસ્સામાં કરપાત્ર માલના વેચાણના સપ્રમાણ ઈન્પુટ ટેક્સ વેપારીને મળે.

સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે કે ઘણીવાર કરદાતા દ્વારા આ પ્રકારે કરમુક્ત વસ્તુ કે સેવાના વેચાણ સાથે સંકળાયેલ હોય કરમુક્ત માલ કે સેવાના વેચાણ ઉપર ઘટાડવાની થતી ક્રેડિટ ઘટાડતા હોતા નથી. આ પ્રકારે કરમુક્ત વેચાણ કે સેવાઓ માટે ખરીદવામાં આવેલ માલ તથા સેવાની ક્રેડિટ જી.એસ.ટી. હેઠળ લઈ શકાય નહીં. જો આ બાબત આકારણીમાં અધિકારી દ્વારા પકડવામાં આવે તો વેપારીએ મોટું વ્યાજ ઉપરાંત દંડ પણ ચૂકવવો પડે છે.

જી.એસ.ટી. લાગુ થયા પહેલા વેટ કાયદો અમલમાં હતો ત્યારે વેટ હેઠળના રિટર્ન ઘણા વિગતવાર રહેતા હતા. જી.એસ.ટી. લાગુ થયા બાદ લાગુ કરવામાં આવેલ ‘સમરી રિટર્ન’ GSTR 3Bમાં ખૂબ ઓછી વિગતો જોવા મળે છે. આ કારણે સંજોગો એવા ઊભા થયા છે કે કરદાતાનું વ્યવસાયી રીતે કામ કરતાં કોઈ ટેક્સ એડવોકેટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે ટેક્સ કન્સલ્ટન્ટ પાસે કરદાતા દ્વારા લેવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ સાચી છે કે ખોટી તે તપાસવા ખૂબ ઓછા વિકલ્પો રહેલા છે. કરદાતા દ્વારા પોતાના ટેક્સ કન્સલ્ટન્ટને દરેક ક્રેડિટ લેવા અંગે પુછવામાં આવે અથવા તો કરદાતા પોતે આ ઈન્પુટ ક્રેડિટ અંગેના નિયમો અંગે જાણકારી રાખે અને જાણકાર બને તે બે જ વિકલ્પ રહેલા છે. આ લેખશ્રુંખલામાં કરદાતાને ઈન્પુટ ટેક્સ ક્રેડિટના વિષયો અંગે જાગૃત બનાવવા તેઓએ ધ્યાને લેવાની જરૂરી માહિતી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

## મહેસાણાના સમાજ સેવક હર્ષદ ઓઝાનું બહુમાન કરાયું



**કમાલપુર ગામે મેલડી માતા, બહુચર માતા અને અખત માતાજીના નવીન મંદિરની ત્રિ-દિવસીય છબી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. જેમાં ગાદીપતિ શૈલેષબાપુ (જય માડી)ના વરદ્ હસ્તે મહેસાણાના સમાજ સેવક હર્ષદ ઓઝાને કંકુ-ચોખાથી પોંખી, શાલ ઓઢાડી, શિલ્ડ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. સૌ ભાઈ ભક્તોએ હર્ષનાદ સાથે આ ધન્ય પળને વધાવી લીધી હતી.**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

16.02.2023

Goods & Services Tax

**અમારા અસીલ ફેક્ટરીમાં સોલર પેનલ ફિટ કરાવે છે. આ સોલર પેનલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે?**

**– ગૌરવ પટેલ, એડવોકેટ, ખેડા**

જવાબ: હા, ફેક્ટરીમાં સોલર પેનલ ફિટ કરાવવામાં આવે ત્યારે તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે તેવો અમારો મત છે.

**અમારા અસીલ કંપોઝીશનની પરવાનગી ધરાવે છે. તેઓના દ્વારા પ્લાસ્ટિકની ખરીદી URD કરવામાં આવે તો શું RCM ભરવાની જવાબદારી આવે? – નિમેશ પરિખ, ટેક્સ કન્સલ્ટન્ટ, જુનાગઢ**

જવાબ: ના, પ્લાસ્ટિકની URD ખરીદી કરવામાં આવે તો કંપોઝીશનના વેપારીએ RCMની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

Dt: 02nd December 2023

Goods & Services Tax

**અમારા અસીલ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ની ૧૦૦૦૦/- જેવી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં લેવામાં આવી હતી. પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના GSTR 9 ભરવામાં આ રકમ ટેબલ 8C માં દર્શાવતા રહી ગઈ હતી. શું આ કારણે હવે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના વાર્ષિક રિટર્નમાં અમારે આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ રિવર્સલમાં દર્શાવવી જોઈએ?**

**– મંથન સરવૈયા, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબ: આપના અસીલ દ્વારા નાણાકીય વર્ષના 3Bમાં જો યોગ્ય રીતે દર્શાવી હોય ત્યારે માત્ર GSTR 9માં થયેલ શરતચૂક માટે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ રિવર્સ કરાઈ નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ TVS કંપનીની એજન્સી ધરાવે છે. તેઓનું કુલ ટર્નઓવર ૨૦ લાખ જેવુ છે જેમાં ૩ લાખની સેવાનો સમાવેશ થાય છે. અમારો પ્રશ્નએ છે કે શું તેઓ જી.એસ.ટી. કાયદાની કલમ 10(1)c હેઠળ કંપોઝીશન સ્કીમનો લાભ લેવા હક્કદાર બને? જો બને તો સેવાની રકમ ઉપર જી.એસ.ટી. નો દાર ૧% જ લાગે કે ૬%? – મંથન સરવૈયા ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબ: હા, આપના અસીલ 10(1)c હેઠળ કંપોઝીશનનો લાભ લઈ શકે છે. આ કલમ હેઠળની મર્યાદા કુલ ટર્નઓવરના ૧૦% અથવા ૫ લાખ બે માંથી જે વધુ હોય તે ગણવાનું રહે છે. આપના અસીલના કિસ્સામાં ૩ લાખની જ સેવા પૂરી પડતાં હોય અને મુખ્યત્વે ધંધો વેપારનો હોય તો સેવાના ટર્નઓવર ઉપર પણ ૧% જ જી.એસ.ટી. લાગે તેવો અમારો મત છે.




**ટેક્સ ટુડે એક્સપર્ટ:**
CA મોનીષ શાહ, અમદાવાદ
એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
CA દિવ્યેશ સોઢા, પોરબંદર
એડવોકેટ ભવ્ય પોપટ

**અમારા અસીલ કંપોઝીશનની પરવાનગી ધરાવતા હતા. તેઓનું નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં ટર્નઓવર નિયત મર્યાદાથી ૪૬૦૦૦/- જેટલું વધી ગયું છે. શું આ ૪૬૦૦૦ની રકમ ઉપર તેઓએ નિયમિત દરે જી.એસ.ટી. ભરવાનો રહે? ત્યાર પછીના એટલે કે ૨૦૧૯-૨૦ના વર્ષમાં જી.એસ.ટી. હેઠળ કંપોઝીશનની પરવાનગી ચાલુ રહે? – ભાવિક જડવાણી, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબ: હા, નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ૪૬૦૦૦/-ની નિયત મર્યાદાથી વધુની રકમ ઉપર રેગ્યુલર દરે જી.એસ.ટી. ભરવાનો રહે. ત્યાર પછીના એટલેકે ૨૦૧૯-૨૦ના વર્ષમાં જી.એસ.ટી. હેઠળની કંપોઝીશન પરવાનગી ચાલુ રહે નહીં પણ રેગ્યુલર દરે જી.એસ.ટી. ભરવાનો રહે તેવો અમારો મત છે.

**-: ખાસ નોંધ :-**

૧. જી.એસ.ટી. ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગેના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઇ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્કલેમર:** આ કૉલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

## Something other than tax

# DSC પબ્લિક સ્કૂલ ઉનાનો વિદ્યાર્થી જિલ્લા કક્ષાના વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનમાં ઝળક્યો

### બાલ વ્યજ્ઞાનિક મો. શાબીર જિલ્લા કક્ષાએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું



તા. ૧૪.૧૨.૨૦૨૩: જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથના સંયુક્ત ઉપક્રમે આયોજિત ગીર સોમનાથ જિલ્લાનું પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓના વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૩ નું આયોજન સોમનાથના સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં DSC પબ્લિક સ્કૂલના વિદ્યાર્થી મોહમદ શબીર દ્વારા રજુ કરવામાં આવેલ કૃતિને જિલ્લા કક્ષાએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયેલ છે. આ પ્રદર્શનમાં બાળ વૈજ્ઞાનિકને તેમના સહપાઠી ફુરકાન ભિસ્તી દ્વારા સહયોગ આપમાં આવેલ હતો. શાળાના વિજ્ઞાન શિક્ષક હર્ષ રતનઘાયરા દ્વારા આ કૃતિ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીના વાલી ડો. સલિમભાઈ દ્વારા આ કૃતિ તૈયાર કરવામાં અમુલ્ય યોગદાન આપવામાં આવેલ હતું. ઉલ્લેખનીય છે કે ઉના તાલુકાના વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનમાં આ કૃતિને પ્રથમ ક્રમ પ્રાપ્ત થયેલ હતો. એ સમયે DSC શાળાના વિદ્યાર્થી મોહમદ શબીર તથા માનસ કાનબર દ્વારા આ કૃતિ દ્વારા શાળાનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા બાળવૈજ્ઞાનિક, તેમના સહયોગીઓને શુંભેચ્છા પાઠવવામાં આવેલ છે.


**બ્યૂરો રિપોર્ટ ટેક્સ ટુડે**

# શું તમને આવી રહ્યા છે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી SMS??

## આ મેસેજ ઉપર કોઈ 'એક્શન' છે જરૂરી કે કરી શકીએ આ મેસ્જને 'ઈગનોર'??

**દર્શિત પી શાહ**
**ટેક્સ કાનસલટન્ટ, અમદાવાદ**

૩૧ ડિસેમ્બર ૨૦૨૩ તે ૨૦૨૨-૨૩ ના રિટર્ન ભરવાની છેલ્લી તારીખ છે. આ મેસેજ દ્વારા પોતાનું TIS ઇન્કમ ટેક્સ પોર્ટલ ઉપર ચેક કરી આ મેસેજને 'ઇગનોર' કરવો કે ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવું તે નક્કી કરવું જોઈએ.



તા. ૧૩.૧૨.૨૦૨૩: નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ છે. આમ, આ રિટર્ન ભરવાની મુદતને માટે થોડા દિવસો જ બાકી હોય ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી જે કરદાતાઓએ ઇન્કમ ટેક્સ રિટર્ન ભર્યા નથી તેઓને SMS તથા ઇ મેઈલ મોકલવામાં આવી રહ્યા છે. જે કરદાતાઓને આ SMS કે ઇ મેઈલ આવ્યા છે તેમના માટે આ મેસેજને ઇગનોર કરવા કે આ મેસેજની ગંભીરતા સમજી તેના ઉપર કોઈ એક્શન લેવા તે સમજવું જરૂરી બને છે. આ અંગે વાત કરતાં બરોડાના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) જણાવે છે કે 'આ મેસેજને 'ઇગનોર' કરવો ક્યારેક ગંભીર સાબિત થઈ શકે છે. તેના બદલે કરદાતા પોતાના CA કે એડ્વોકેટને મળી તેઓના ઇન્કમ ટેક્સ લોગીનમાં રહેલ TIS તથા AISની માહિતી તપાસી ત્યારબાદ આ નિર્ણય લે તે જરૂરી છે. TIS કે AIS મે એવી કોઈ વિગતો હોય જેના કારણે કરદાતાએ રિટર્ન ભરવું ફરજિયાત બની જાય તેવા સંજોગોમાં આ ઇન્કમ ટેક્સ રિટર્ન ૩૧ ડિસેમ્બર સુધીમાં ભરી આપવું કરદાતા માટે ચોક્કસ હિતાવહ છે'.

ઉલ્લેખનીયા છે કે વ્યક્તિગત કરદાતા માટે તેઓની આવક અઢી લાખ સુધી કે તેથી ઓછી હોય તો રિટર્ન ભરવું ફરજિયાત નથી. પરંતુ આ મર્યાદાથી ઓછી આવક હોય તો પણ કોઈ TDSની કપાત થયેલ હોય અને રિફંડ મેળવવાનું થતું હોય ત્યારે ૩૧ ડિસેમ્બર સુધી રિટર્ન ભરવું ખુબ જરૂરી છે. ૩૧ ડિસેમ્બર પછી ભરવામાં આવતા રિટર્નમાં કરદાતાને રિફંડ મળતું હોતું નથી. આ ઉપરાંત ટેક્સ ભરવા જવાબદાર કરદાતા જો ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ પછી રિટર્ન ભરશે તો તેઓ માટે ટેક્સ ઉપરાંત લેઈટ ફી તથા વધારાનો ટેક્સ ભરવાની જવાબદારી પણ ઉપસ્થિત થશે.

આમ, કરદાતા ટેક્સ પ્રોફેશનલ્સની સલાહ લઈ તેઓની સલાહ મુજબ જરૂર જણાય ત્યાં ઇન્કમ ટેક્સ રિટર્ન ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ પહેલા ભરી આપે તે જરૂરી છે.


**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# ૧૫ ડિસેમ્બરથી ૫ કરોડ ઉપર ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે ૬ આંકડાના HSN કોડ નાંખવા ફરજિયાત

તા. ૦૫.૧૨.૨૦૨૩: જી.એસ.ટી. કાયદા હેઠળ ૨૦૧૭-૧૮ ના વર્ષથી માંડીને કોઈ કરદાતાનું ટર્નઓવર ૫ કરોડથી વધુ થયું હોય તેવા સંજોગોમાં ઇ ઇંવોઇસ બનાવવું ફરજિયાત બની ગયું છે. હવે ૧૫ ડિસેમ્બરથી ૫ કરોડ ઉપર ટર્નઓવર ધરાવતા કરદાતાઓએ ઇ ઇંવોઇસ બનાવવામાં ૬ આંકડાના HSN દર્શાવવા ફરજિયાત બની જશે. આ કરદાતાઓએ પોતાના એકાઉન્ટસમાં આ ફેરફાર કરવા જરૂરી બની જશે.




**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**




# ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ કરદાતાઓને પડી રહી છે આ મુશ્કેલીઓ!! આ મુશ્કેલીઓ દૂર કરવી છે જરૂરી...

દેશની પ્રગતિમાં કરદાતાઓનો ફાળો રહેલો છે. એ ઇન્કમ ટેક્સ ભરતા કરદાતાઓ હોય કે ગ્રાહકો પાસેથી જી.એસ.ટી. વસૂલ કરી સરકાર સુધી પહોચડતા કરદાતા હોય, આ કરદાતાઓ દ્વારા ભરવામાં આવતા વેરાના કારણે જ દેશ સમાજઉપયોગી યોજના લાગુ કરી શકે છે. પ્રધાનમંત્રી મોદી સાહેબની એક મહત્વની ઝુંબેશ પૈકી એક ઝુંબેશ "Honouring the Honest" ગણવામાં આવે છે. પ્રમાણિક કરદાતાઓને યોગ્ય સન્માન આપવા માટે તેઓ દ્વારા સરકારી તંત્રને તાકીદ કરવામાં આવી છે. પરંતુ હાલ અમુક સમસ્યા એવી છે જે સમસ્યાઆ કારણે કરદાતાનું સન્માન તો દૂર તેઓ ઘણા પરેશાન થઈ રહ્યા છે. આજે આ લેખમાં સામાન્ય કરદાતાઓની સમસ્યાનો મુદ્દો ઉજાગર કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

**૧. Aadhar-PAN લીકમાં પડી રહેલી મુશ્કેલીઓ:**

કરદાતાઓ માટે Aadhar-PAN લિન્ક કરવું ફરજિયાત બની ગયું છે,. મોટાભાગના કરદાતાઓ દ્વારા પોતાના Aadhar, PAN સાથે લીક કરી આપવામાં આવ્યા છે. પરંતુ અમુક કરદાતાઓ કે જેઓના નામ ફેરના કારણે, જન્મ તારીખ ફેરના કારણે કે અન્ય કોઈ કારણે Aadhar-PAN સાથે લિન્ક નથી થઈ રહ્યા તેઓ હાલ ખૂબ પરેશના થઈ રહ્યા હોવાની માહિતી મળી રહી છે. અમુક ખાસ પુરાવાઓના અભાવના કારણે Aadhar અથવા PANમાં સુધારો કરવો શક્ય બની રહ્યો નથી. ઉદાહરણ તરીકે ઘણા કરદાતાઓને Aadhar-PAN લિન્કના થવાનું કારણ એ છે કે, તેઓની Aadhar કાર્ડમાં જન્મતારીખ ખોટી આવે છે. Aadhar કાર્ડમાં જન્મ તારીખ સુધારવા જન્મનો દાખલો જરૂરી છે. સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ આ સુધારા માટે માન્ય ગણાતું નથી. આવા સંજોગોમાં ઘણા કરદાતા એવા છે કે જેઓ પાસે જન્મતારીખનો દાખલો નથી. આ દાખલો કઢાવવા લાંબી વિધિ કરવી પડે તેમ છે. આ કારણે તેઓ Aadhar-PAN લિન્ક કરવી શકતા નથી.

આ મુશ્કેલી નિવારવા, આવા કરદાતાઓને ઇન્કમ ટેક્સ ઓફિસમાં રૂબરૂ હજાર થઈ 'બાયોમેટ્રિક' પદ્ધતિ દ્વારા PAN-Aadhar લિન્કની સગવડ આપવામાં આવે તે જરૂરી છે. આ સિવાય PAN કે Aadharમાં સુધારા કરવા વિશેષ કેમ્પ કરવામાં આવે તે પણ જરૂરી છે. આ સિવાય PAN કે આધારના સુધારામાં અમુક પુરાવાઓની સૂચિમાં સુધારો કરવામાં આવે તો પણ આ સમસ્યા દૂર થઈ શકે છે.



By Bhavya Popat,
Advocate

**૨. કરદાતાના રિફંડમાં Aadhar-PAN લિન્કના કારણે પડી રહી છે તકલીફો:**

Aadhar-PAN લિન્ક ના હોવાના કારણે કરદાતાઓના રિફંડ બેન્ક ખાતામાં જમા થઈ શકતા નથી. ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા આ રિટર્ન પ્રોસેસ થઈ જાય છે પરંતુ આ રિફંડ કરદાતાઓના બેન્ક ખાતામાં જમા થઈ શકતો નથી. રિટર્ન પ્રોસેસ થઈ ગયું હોવાથી કરદાતાને રિફંડ ઉપર વ્યાજ મળતું બંધ થઈ જાય છે.

**૩. TDS-TCS કરવા જવાબદાર કરદાતાઓને પડી રહી છે મુશ્કેલીઓ :**

ઇન્કમ ટેક્સ કાયદા હેઠળ અમુક નિયત ચુકવણી કરનાર કરદાતા TDS (ટેક્સ ડીડકટેડ એટ સોર્સ) કરવા જવાબદાર બને છે. આવી રીતે અમુક નિયત રકમ મેળવનાર કરદાતા TCS (ટેક્સ કલેકટેડ એટ સોર્સ) કરવા જવાબદાર કરદાતાઓને હાલ ખૂબ મુશ્કેલી પડી રહી છે. આવા કરદાતાઓ જ્યારે કોઈ વ્યક્તિના સામાન્ય દરે TDS કે TCS કરે છે ત્યારે જે તે વ્યક્તિના Aadhar-PAN લિન્કના હોવાના કારણે TDS-TCS સિસ્ટમ દ્વારા ઊંચા દરે વેરો ગણી નાખવામાં આવે છે. આ કારણે આવા TDS-TCS કરદાતાઓના કેસમાં મોટી ડિમાન્ડ ઊભી થઈ હોવાના અનેક દાખલા છે. ભવિષ્યમાં જ્યારે જે તે વ્યક્તિ પોતાનો PAN-Aadhar લિન્ક કરવી લે ત્યારે પણ જ્યાં સુધી TDS-TCS કરદાતા આ રિટર્ન કરેકશન રિટર્ન ફાઇલ નથી કરતાં ત્યાં સુધી આ ડિમાન્ડ ઘટાડવામાં આવતી નથી. જમીનીસ્તરે આ મુશ્કેલીઆ કારણે અનેક TDS-TCS કરદાતાઓમાં ખોટી ડિમાન્ડ રહી જવાની શક્યતાઓ લાગી રહી છે. આ બાબતે ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી સરળ ભાષામાં એડવાઈઝરી બહાર પાડવામાં આવે તે જરૂરી છે.

**૪. કરદાતાના રિફંડમાં બેન્ક વેલીડેશન કરવામાં પડી રહી છે મુશ્કેલીઓ:**

ઇન્કમ ટેક્સ હેઠળ જે કરદાતાઓએ રિફંડ લેવાનું થાય છે તેઓ દ્વારા પોતાનું બેન્ક એકાઉન્ટ ઇન્કમ ટેક્સના પોર્ટલ ઉપર વેલિડેટ કરવાનું રહેતું હોય છે. આ બેન્ક વેલિડેશન કરાવવામાં અનેક તકલીફો પડી રહ્યા હોવાના સમાચાર મળી રહ્યા છે. નાનામોટા અનેક કારણોસર આ બેન્ક વેલિડેશનમાં તકલીફો પડી રહી છે. ખાસ કરીને સહકારી બેન્ક (કો. ઓપ. બેન્કો) માં વેલીડેશન કરાવવું વધુ મુશ્કેલ રહેતું હોય છે. આ બાબતે જરૂર છે કે ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા આ અંગે સરળ ભાષામાં એડવાઈઝરી બહાર પાડવામાં આવે.

Honouring the Honest ના બદલે ક્યારેક પ્રમાણિક કરદાતાઓ વિધિગ્ત મુશ્કેલીઓના કારણે "Torturing the Honest" થતું હોય તેવી માન્યતા ઊભી થતી હોય છે. છેલ્લા અમુક વર્ષોમાં ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટના વિધિગ્ત માળખામાં ચોક્કસ સુધારો થયો છે. પરંતુ ઘણા એવા મુદ્દાઓ છે જેમાં હજુ કરદાતાને રાહત આપવી જરૂરી બને છે.

**( આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા. ૨૭.૧૧.૨૦૨૩ ના રોજ પ્રકાશિત થયેલ છે .)**

◆ Year: 8, ◆ Issue No.2, ◆ Continue Issue No.86, ◆ Date: 30/12/2023, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.